પાંચ પગની ગાય.



શ્રીયુત સ્વામી મંગલ દેવજી સાધુકૃત હીંદી પરથી ગુજરાતીમાં.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

જાની. સોમનાથ વીરેશ્વર,

મુ. ગલુદણ–તા. દેહગામ.

આરત થઇને ગાય પોકારે,
છે કોઈ પુત્ર જો મને ઉગારે.
નીચ દીન કાટતે ગલે હમારે,
ધન્ય ધન્ય જો કષ્ટ નીવારે.

પ્રત ૨૦૦૦ આવૃતી ૧ લી. સને ૧૯૧૧

અમદાવાદ—પીરમસાના રોજા પાસે શ્રી સત્યસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં પટેલ પોચાભાઇ ચકુભાઇએ છાપી.

કીંમત મફત!

ભુમીકા.

એ વાતને ૨૨ વર્ષ થયાં કે મેં પાંચ પગની ગાયનું વૃત્તાન્ત એક સમાચાર પત્રમાં વાંચ્યું હતું; ત્યાર પછી શ્રીમાન પુજ્યપાદ બ્રહ્મચારી આનંદ કીશોરજી શર્માથી એ વાતની અત્યન્ત પુષ્ટી થઇ એમણે નંદીયાવાળાની અનેક વાતો સંભળાવી, અને એક યુક્તીથી (હાલીમથી) નીશ્ચય કરાવ્યો. એના પછી એક બે જગા જ્યાંહા એ જોગી લોકો રહેતા હતા, ત્યાં જઇને પત્તો મેળવ્યો તો બીલકુલ સાચી વાત નીકળી ઘણા દીવસથી મારો વીચાર હતો કે એ વીષયની એક નાની ચોપડી છપાવું પણ અનઅવકાસથી ન કરી શકયો—પરંતુ એપ્રીલ સને ૧૯૦૯ ના અબળા હીતકારમાં એના ઉપર એક લેખ છપાયો તે જોઇને વિષેશ ઉત્તેજન થયું. જેથી આ નાનું પુસ્તક આપલોકની સન્મુખ ઉપસ્થીત કર્યું છે, આશા છે કે આપ લોક એનાથી લાભ લેશો, દેશ હિતેચ્છું અને ઉપદેશક લોક પણ એના તરફ ધ્યાન આપશે, અને જેવી રીતે પંડીત શંકરલાલજી આત્રીએ કૃપા કરી છે એવી રીતે સમસ્ત હીંદી અને ગુજરાતી પત્રના અધીપતી સાહેબોએ પોતપોતાના પત્રોમાં વીવેચન કરી અક્ષ પુન્યના ભાગી થશે આ પુસ્તક વિષેશ કરી હમારી બેહેનો તથા માતાઓને માટે બનાવ્યું છે તેથી કરી કોઇ નીલંજ શબ્દ લખ્યો નથી. દેશ હીત વીરોને સહીત છે કે આ પુસ્તકને માતા તથા બેહેનોને હાથમાં આપી વંચાવવા અથવા વાંચી સંભળાવવી અને કંન્યાશાળાઓમાં છોડીયોને પણ વેહેંચવા યત્ન કરી ધર્માર્થ વેંહેચી ગાયોનું દુઃખ નીવારણ કરે.

પાંચ પગની ગાય.

(શ્રી માહાદેવનો નંદીયો.)

હમારી બેહેનો અને ભાઇઓયે સેંકડો વખત જોયું અથવા સાંભળ્યું હશે કે તિર્થ પર મેલામાં તથા શાહેરમાં ગેરનાં રંગેલાં કપડાં પહેરી પાખંડી લોકો પાંચ પગની ગાય તથા નંદી અને બળદ દેખાડી દેખાડીને હીંદુ લોકોથી ભીખ માગે છે અર્થાત જે ગાયો અને બળદોની પિઠ ઉપર અથવા કરમમાં પાંચમો પગ જોડેલો હોય છે અથવા કાંધ પર એક જીભ નીકળેલી હોય છે એને જોઇને ઘણાક ભોળા હીંદુ લોક અને વિશેષ હમારી માતાઓ તથા બેહેનો ઘણું અચરજ માને છે અને એમના પાળવા વાળા ધુતારા અને પાખંડીયોને કોડી પૈસા અન વસ્ત્ર હાથ પગની વીંટી છાલ્લાઆ દીક દાન કરે છે અને પોતાના મનમાં એમ સમજે છે કે તિર્થયાત્રામાં આવીને અથવા ગંગા જુમનાનું સ્નાન કરીને એવી ગાય પાળવનારને કંઇ દાનકરે તો જાણે મોટુ પુન્ય કમાઇ લીધું પ્યારા ભાઇઓ અને બેહેનો આપે એકદી વીચાર ના કર્યો અને પત્તો પણ ન મેળવ્યો કે, એ પાંચ પગની ગાયો ક્યાંથી આવતી હશે અને કેવી રીતે બનાવતા હશે અને એ પાખંડી લોકો કોણ છે અને ગાયોથી એમને શો સમ્બંધ છે એજ આપ લોકોની મોટી ભૂલ છે અને આજ સુધીમાં એ લોકો કોણ છે તે વીચાર ન કર્યો અને માહાદેવની વાત માની છે કે એ રંગેલા કપડાં વાળા બનાવટી જોગી કસાઇ ગોપતીયોને દાને આપી લોકો આપે. આપ

ઓના માળા ફ્પાવે છે અને ધૈર પાપના ભાગીદાર થાય છે,

માહાશયો! અસલવાતતો એ છે કે એ બધા લોકો કસાઇયો-ના ભાઇબંધુ છે હીંદુઓમાં પોલ જોઇને આપ લોકોને ઠગવાને માટે ભસ્મ (ભભુતી) લગાવી ગેરૂમાં રંગેલાં કપડાં તથા રૂદ્રાક્ષની માળા પહેરી જાન.ગી જોગી થઇ મહાદેવ સંકર-૨ બંબોલે ૨ કહીને ધોખા કરેછે, વાસ્તવમાં એ બંધા કસાઇ છે, કસાઇઓથી એમનો છુપી રીતે હેલમેલ છે, એમની રાહરીત (મરણુ વીવાહાદીકાર્યો) માં એક રીત મુસલમા-ની રીતથી થાય છે, એ લોક ગ્રહસ્થી છે, આપસમાં એમના વીવાહ થાય છે, છોકરાઓની સુ૦.........(મુસલમાની) થાય છે. મુસલમાનો-ના હોકા પીએ છે. મદીરા ગૈમંસ ખાય છે, એ લોક મથુરા—બુલન્દ સહેર—મુરાદાબાદ વીગેરે જીલ્લાઓમાં અનેક ગામોમાં રહેછે એમાંથી કેટલાક પાખંડી જોગી પાંચપગની ગાય પોતાની સાથે રાખતા નથી. કીન્તુ ખાલી ઘંટા સંખ વગાડી અને જય માહાદેવ જયબંભોળા જય સીવશંકર કહીને અથવા ભજન ગાઇને ભીખ માગ્યા કરે છે, એ ઘુમતા ફરતા જોગી કદી કદી ગામોમાં પણુ ચાલ્યા જાય છે એક ગા-મમાં (ઠાકુર) લોક (ક્ષત્રીયો) એ પુછ્યુ કે તમે સાચુ બતાવો તમે કોણુ જાત છો, પહેલાં પોતે જોગી અને ગુસાઈ છીએ બતાવ્યું પર-ન્તુ જ્યારે તે ક્ષત્રીયોએ કહ્યું કે હમે ભંગી લોકોને બોલાવી તમારો જાડો લેવડાવીશું અને તમોને જુતાંથી મારીશું, એવુ સાંભળી બોલી ઉઠ્યા કે હમને ના મારશો અમે બધા લોક મુસલમાન છીએ ઇત્યાદી

એ ઉપરો વાલું વૃતાન્ત એટા પ્રાંતનુ છે.

(હવે બીજુ વૃતાન્ત સાંભળો)

પ્રાંત બુલન્દ સહેર નગર જહાંગીરાબાદની પાસેચાંદીખનામે ગા-મના જાગીરદાર શ્રીમાન ઠાકોર ગિરીવરસીંહજીવર્માએ પોતાની સાથે વીતેલી વાત એવી રીતે સંભાળાવી કે એ જોગી લોક કસાઇ છે. અને પગ જોડે છે. દૈવયોગથી એક દીવસ એ જોગી લોક ગાય લેઇને મારે ઘેર આવ્યા અને જયમાહાદેવ જયબંભોલા કહ્યું, મેં એ લોકોને મશ્કરીમાં કહ્યું. અરે તમે તો કાફર (હીંદુ) છો, અને માહાદેવ હમારા બાવા આદમ હતા, અને તમારે બાવા આદમની સાથે શું સં-બંધ છે; એ સાંભળી એ લોક બોલ્યા કે, આપ કોણ છો, મેં જ-વાબ દીધો કે હું પઠાણ છું (મારા મોઢા ઉપર દાઢી હતી તેથી એમ-ને વિશ્વાસ આવ્યો કે એ પઠાણ છે) ત્યારે તો ખુશી થયાં અને ક-હ્યું કે હમો પણ મુસલમાન છીએ હીંદુ નથી અને કાફર (હીંદુઓ) ને ઠગવાને માટે ખોટો ડોળ બનાવ્યો છે. એ કાફર લોક એવી વાતો-થી ખુબ કાબુમાં આવે છે ઇત્યાદિ કહ્યું પછી મેં મનમાં વિચાર ક-ર્યો કે આજ એમની પુરેપુરી પરીક્ષા કરવી જોઇએ. નોકરેને હુકો લા-વવાનો ઇસારો કર્યો નોકરો મુસલમાનોના ઘરમાંથી હુકકાને લેઇ આ-વ્યા અને એમણે ખુબ હુકો પીધો. અને ખુશીની સાથે વાતો કરવા લાગ્યા મેં કહ્યું તમે લોકો કાફર (હીંદુઓ) ને એવી રીતે ઠગોછો એ બહુ સારૂં કરોછો, કેમકે હીંદુ ઠગવા લાયક છે: પછી મેં પુછ્યું કે આપ લોક એવી ગાયો કયાંથી લાવો છો; એમને જવાબ દીધો કે હમે બનાવીએ છીએ એક બચ્ચાનો પગ કાપી બીજા બચ્ચાની કમરમાં ટાંકા મારી સીવી લેઇ જોડી દેઇએ છીએ એની એ પીછાણ છે કે

ગાય પોતાના અસલ પગ કાન. અને પૂછડું જોડેલુ છે તેને અસલની માફક હરકત કરતી નથી અર્થાન્ત (હલાવી ચલાવી સકતી નથી) કેમકે તે શરીરથી જુદાં છે પણ ઉપરની ચામડીમાં સીવેલા સુકા લાકડાની માફક લટકી રહી છે એના પછી મેં એમની બીજી પણ પરીક્ષા લીધી: અર્થાત–ગામના ઘણા હીંદુને બોલાવીને બધાની સામે કપડાં ઉતરાવી તજવીજ કરીને દરેકને નિશ્ચય થયો કે એ લોકો અસલ કસાઈ છે, અને એજ દીવસથી એ જોગી લોક હમારા ગામની સીમામાં (હદમાં) થઇને આજ સુધી નીકલ્યાં નથી ઇત્યાદિ.

જે જામીરદાર સાહેબએ વૃતાંન્ત સાંભળાવ્યું હતું તે ઇશ્વર કૃપાથી હાલ પણ જીવતા છે. જો કોઇને એ વાતનો સંદેહ હોયતો પત્ર મોકલી ખાત્રી કરી લે.

(પાંચમો પગ જોડવાની રીત)

જેમ આપ લોક લીંબુ નારંગી વીગેરે વૃક્ષો (જાડો) ની કલમ કરોછો એવી રીતે ગાયના એક બચ્ચાનો પગ કાપીને બીજાબચ્ચાની કુગરની ચામડી છોલી સીવી લે છે; અને બચ્ચાના ગળાની ચામડી છોલી ગલામાં જે ખાલ (ચામડી) લટકે છે તેની જીભ જેવો આકાર કરીને કાંધ ઉપર અથવા કમરમાં સીવી લે છે અને દવા લગાવી લગાવીને સારૂ કરી દે છે જે બીચારા અનાથ બચ્ચાનો પગ કાપે છે તે મરી જાય છે, પછી એની બચેલી માટી તે લોકો પોતાના ખાવાના ઉપયોગમાં લે છે કોઇ કોઇ વખત બીજું બચ્ચુ કે જના શરીરમાં પગ વીગેરે જોડે છે તે પણ દુખનું મારયું તરફડીને મરી જાય છે. જો એ વાતમાં કોઇને સન્દેહ હસે તો એ લોકોના ગામોમાં જઇને નિશ્ચય કરાવી સકીશું.

એ સીવાય આપ પણ જરા વીચાર કે—

૧ આપે એવા માંણુસો ઘણાક જોયા સાંભળયા હશે કે જેના હાથ પગ નાના (ટુકા) અગરબધુ શરીર ઠીંગણું આંગળી વધારે હશે. પરન્તુ એવું માણુસ કોઇ પણ-નહી દીઠું (જોયું) સાંભળ્યું હસે કે જેની કમરમાં (કહેડમાં) અથવા ગલા ઉપર ત્રીજો પગ નીકળી આવ્યો હશે. કે પછી આ બીચારી ગાયોને પાંચમો પગ નીકળ્યા એ કતું અંધેર મચ્યું છે.

(૨) ભેંસ, બકરી, ઘેટા, હરણ, ઉંટ, હાથી, ઘોડા, કુતરા, બીલાડી, વાંદરા, રીંછ, ભુંડ, વીગેરે પશુ તથા પક્ષીની કમરમાં વધારે પગ અગર જીભ જોવામાં આવી નથી પછી બીચારી દીન (ગરીબ) ગાયોના ઉપર આવી આફત ટુટી પડી.

(૩) ગૃહસ્થ લોકોની ઘરોમાં લાખો ગાયોછે કોઇ ગામ. સહેરમાં ગાયો સીવાય ખાલી નથી કહી કહીતો એક ૨ ગામમાં હજારો ગાયો દર વરસે વીયાયછે ગૃહસ્થ લોકોની કોઇ ગૈનો પાંચ પગનુ વાછ્કુ આવ્યું તેવું જોયું સાંભળ્યું નથી, કોઇએ જોયું હોયતો બતાવો શું એજોગી લોકોના ઘરમાં એવી ગાયો જન્મ લેતી હશે, શું એ બાબતની એ જોગી લોકોનો ઇજારો છે, નિસ્સન્દેહ જોડે તથા બે બચ્ચાં જોડાયલાં તો આવે છે તે બાબત આપ લોકોના જોવાં તથા સાંભળવામાં પણ આવી હશે, અથવા કોઇનું મોંઢુ, નાક, કાન, પગ, વીગેરે, વાંકા નાનાં સાંભળવામાં આવ્યા હશે. એ વાતનો હમને વીરોધ નથી.

(૪) માણુસના હાથ પગમાં વધારે આગળી થાય છે, તો આંગળીયાની પાસે જટી આંગળી નીકળેછે પેણ કમરમાં નીકળતી નથી

કોઇને એક બે દાંત વધારે નીકળે છે તો દાંતોની પાસે નીકળે છે મા થામાં અથવા તો કમરમાં નીકલતા નથી, કોઇ (૨) ગાય તથા ભેંસ ને એક આંચળ વધારે હોય છે તો તે પણ આંચળોની પાસ હોય છે કમરમાં નીકળતા નથી એવી રીતે ગાયના સરીરમાં પાંચમો પગ જન્મથી ઇશ્વરી રચનાથી હોયતો ખરીની પાસે બીજી ખરીક નીકળવી [illegible] નહી.

(૫) આજ સુધીમાં ગાય તથા બળદની જીભપર વાળ કોઇએ જોયા સાંભલ્યા નથી પરન્તું કાંધમાં અથવા કમરમાં લટકતી જીભ પર વાળ હોય છે; એથી સાફ સાફ માલુમ પડે છે કે, કાપીને લગાવેલી નકલી જીભ છે !

૬ પંચમા પગમાં સોય અથવા કાંટો પોચીને જોઇએ તો કંઇ પણ ઇજા થતી નથી.

(૭) એ જોડેલાં પગ, પુછડુ, અથવા જીભમાં સોય પોચવાથી લોહી નીકળતું નથી.

(૮) જેવાં અસલ, પગ, પુંછડુ અને કાન ગાય અને બળદ પોતાની ઇચ્છા પ્રમાણે ગમે તેમ હલાવી શકે છે, એવી રીતે જોડેલા પગ તથા જીભને તે પોતાની મેળે હલાવી ચલાવી સકતી નથી.

(૯) આપે જોયુ હશે કે તે લોકોની પાસે નાની (૨) ગાયો હસે, મોટી ગાય તો કોઇ હજારોમાં એકની પાસે મળશે, અને બીજી વાત એ કે, એકલી ગાયો હોય છે બળદતો હજારોમાં કોઇની પાસેજ હશે, એમ કેમ ? અગર એ પગ જન્મનો હોય તો મોટી (૨) ગાયો અને વાછરડાઓના સરીરમાં કેમ નીકલતા નથી. એનું કારણ એજકે,

3-653

મોટી ગાયો ભારે અને કીમતી થવાનો સંભવછે, અને એમાં મરી જવા નો પણ ભય રહે છે તેથી કરીને નાની વાછડીયોને બનાવે છે કે મરી જાય તો વીશેષ હાની ન થાય, અને ગાયોના કરતાં બળદોની કીંમત વધારે હોય છે, અને ગાયતો પગ જોડયા પછી પણ વાછડાં આપે છે, અને વાછડા અગર બળદને પગ જોડી દીધા પછી ખેતીવાડીના કામમાં આવતો નથી, એથી કરી વાછડીયોના શરીરમાં પગ [illegible]

(૧૦) શું મહાદેવજીનો નંદીયો એવોજ હતો કે જો તે લોકો દેખાડે છે. એવું કયા પુરાણમાં લખ્યું છે, મહાદેવજીના નદીને પંચમો પગ હતો, અને કાંધપર જીભ લટકતી હતી, અર્થાત, એમ કોઇ ઠેકાણે લખ્યું નથી, અને મહાદેવના મંદિરોમાં નંદીની છબી કાગલમાં હોય છે અથવા પધરાવેલા નંદી છે. એમ ઘણી જગ્યાએ જોયુ છે આપ ધ્યાન દેઇને જુવો કે એની કમરમાં પાંચમા પગનું ચીન્હ કોઇ જોવામાં આવશે નહી, જ્યારે એ બનાવટી જોગીયો (પાખંડી કસાઇયો) ને પુછે કે એ ગાય અગર (નંદી) તમે કયાંથી લાવ્યા ત્યારે તે લોકો બસેં ચારસેં ગાઉના અંતર કોઇ શહેર અથવા તિર્થનું નામ લે છે. અર્થાત મુંબઇ વાળા પુછે તો આગરા મથુરાનું નામ લેછે અને ત્યાંના લોકો પુછે તો મુંબઇ પુના સતારા અને કલકતાનું નામ લે છે કેમકે એ બધા લોકો મનમાં સમજે છે કે હમે જો પાસેનુ ગામ અથવા શહેરનું નામ લેઇશું તો ઝટ પોગળ ખુલી જસે કેમકે આસપાસના લોકોનું જવું આવવું દરરોજ થાય છે તેથી ખાત્રી કરી લે અથવા કાગલ લખીને પુછી લે તેથી દુરનું નામ બતાવે છે. જેથી કરી કોઇ ખાત્રી કરવાના ઉપાય કરે નહિં.

હમેં કેટલાક જોગીયોથી કહ્યું કે ચાલો તમોને એ ગાય જ્યાંથી

મલી છે ત્યાં તમારે સાથે હું આવુછું પણ જો એ વાત જુઠી નીકળશે તો જવાઆવવાનું તથા ખાધાખર્ચ તમારે આપવું પડશે અથવા તમોને ગાય જેણે આપી છે તેનું નામ તથા ઠેકાણુ બતાવો અમો રજીસ્ટર કાગલલખીપુછીએ સાબીત નહી થાયતો રજીસ્ટર ખર્ચ તમારે આપવું પડશે અને સાચુ હશે તો એક રૂપીયો તમોને ઇનામનો આપીશુ ઇત્યાદી એવી વાત ... ફરી જાય છે, અને ખોટું ખોટું બકવા માંડેછે. કોઇ કહેછે કે એ ગાયને કંઇથી મારો ભાઇ લાવ્યો હતો કોઇ કહે મારો ગુરૂ અથવા મારોબાપ કંઇથી લાવ્યા હતા, હમોને આપનારનુ ઠેકાણુ માલુમ નથી કોઇ કહેછે કે બહુ દીવસ થયા તેથી હું ભુલી ગયો કોઇ કહેછે કે પ્રયાગ, હરદ્વાર, અગર ગોદાવરીના મેળામાં કોઇ યજમાને આપી હતી ઇત્યાદિ બતાવી ચાલ્યા જાય છે જો એ વાત બનાવટી ના હોયતો ખાત્રી કરવાથી કેમ ગભરાય છે ?

મહાશયો એવાત પુર્ણ રીતે નિશ્ચય થઇ ચુકી છે, એ ગાયોના શરીરમાં પગ તથા જીભ જોડેલાં છે જન્મનાં નથી. હવે આપ જરા વિચાર કરો તો ખરા કે શું એવું નીચ કામ હીંદુ કરી શકશે શું એ કામના કરનાર કસાઇઓથી પણ વધારે નીર્દય હશે અગર નહી. હાય કેવું હૃદય વીદારક ક્રુરકર્મ છે જેના સાંભળવા માત્રથી હૃદય કાંપે છે જ્યાં હીંદુ લોકો ગૌરક્ષણાર્થે પોતાના પ્રાણુ આપવા તૈયાર થતા હતા, ગાયોનું એક રૂવાટુ ઉખડી જવું પાપ સમજી પશ્ચાતાપ કરતા હતા ત્યાં આજે હીંદુ લોકો છુપેલા કસાઇઓને ધન આપી ગૌ હત્યા કરાવી રહયાં છે અને નાના વાછડાંની હીંશાતો તેથી પણુ વધારે પાપનું કારણુ છે, આપ લોક એ જોગીયોને અન્ન અને પૈસા આપી પોતાને દાની અને પુણ્યાત્મા સમજો છો કિન્તુ વાસ્તવમાં તો ઉલટી પાપની કમણી

કરી રહ્યા છો; એ લોકોને પૈસા વીગેરે દાન કરો છો તે ગૌહત્યાના ઉપયોગમાં જાય છે અને દારૂ પીવાના કામમાં આવે છે આપ લોકોના આપેલા પૈસાથી બજારમાંથી પણ ગૌમાંસ ઇત્યાદી લાવે છે તેથી દાન આપનાર ગૌહત્યાના પાપમાં ભાગી થાય છે કેમકે હીંદુ લોકો એવી ગાયોને જોઇ ખુસી થાય છે અને દાન આપે છે તેથી [illegible] એવા ગાયો બનાવે છે પરંતુ આપ લોક કંઇ આપો નહીને નીરાદર કરોતો એ લોક એ કામ મુકી દે, એ પણ નીશ્ચય થઇ ગયો છે કેમકે એ લોકો મુસલમાનથી ભીખ માગતા નથી અને મુસલમાન લોક એમને ભીખ આપતા નથી, તેથી એ વાત સીદ્ધ થઇ કે એ છુપા કસાઇઓને સહાયક અને પાલવા વાળા હીંદુ છે જો હીંદુ લોક એમની પુજા તથા ભીખ બંધ કરે તો સરકાર પણ દંડ કરી એ કામ બંધ કરી શકે છે.

પ્યારા ભાઇઓ તથા બેહેનો શું કોઇ કહી શકે છે કે, હીંદુઓના અંતઃકરણથી ગાયોની ભગ્તી નીર્મુળ થઈ ગઇ અથવા હીંદુ લોકો જાણી બુજીને હત્યા કરાવે છે, નહી નહી એ બધી હત્યાઓ, આપની ભુલથી અજ્ઞાત દશામાં થઇ રહી છે. આપની આંખ્યો નહી ખોલવાના કારણથી એ આપનું ઘર બળી રહ્યું છે, બસ એ ભુલનું સમજાવવું હમારો ધર્મ હતો તે કરી આપ્યું માનવું અથવા ન માનવું તમારૂં કામ છે. હવે જાણી બુજીને એ લોકોને ભીક્ષા આપવી તે ભુલ માની શકાશે નહી.

નંદીયા વાળા બનાવટી જોગી તથા યવનોને દાન જાણી બુજીને આપવું એ જાણીને પાપ કમાવવા જેવું છે ખંગર ગૌ હત્યાનું કારણ છે.

૧ સ્ત્રી પુરૂષોમાં એ વાતની અત્યંત દ્રઢતા થવી જોઇએ એ જોઇએ ચાહ્ય તેટલી ગાળ આવે, ચાહ્ય તેટલી ભગ્તી જણાવે, ચાહ્ય મેં...

મહાદેવજીનાં ભજન સંભળાવે તો પણ એ પાપીઓને એક કોડી પણ ના અપાય તો સારૂ.

૨ હમારા ભાઈઓ તથા બેહેનો તીર્થમાં જઈને કંઈ દાન કરવાની ઇચ્છા થાય તો ગૌરક્ષાર્થ કંઈ દાન આપવું જોઇએ અગર ગૌશાળાની પેટીમાં નાખે અથવા વીધવા ભગનીઓ અને અનાથની રક્ષા માટે દાન કરે તોજ દાન સફળ છે.

૩ જો આ ઘોર પાપને રોકવા માટે પ્રયત્ન થાય, એ બહું પુન્યનું કામ છે. કેમકે પ્રતિવર્ષે (દરસાલે) કેટલાંક ગાયોનાં વાછડાંની હત્યા અને દુર દશા થતી હશે તે સદાને માટે બંધ થશે.

૪ જે લોકો આ અનર્થનુ કારણુ સાંભળીને પછી બીજાને સંભળાવશે તે લોકો ગાયના વાછડાંનો પ્રાણુ બચાવવાને સાહાયક થઇને અવસ્ય મોટા પુન્યનો ભાગી થશે.

૫ અગર થઇ સકેતો સરકારથી પણુ એવાં કર્મ કરવાવાળાઓને સજા કરાવવાની કોશીશ કરવી જોઇએ કેમકે ૬૪ એક્ટ નંબર (૫) ને અનુસારે એ કાલ સજાને લાયક છે ઇતિ મંડલદેવ સાધુ સંવત ૧૯૧૧.

શ્રી જીવ દયાધર્મામૃત પત્ર

(એક અદ્ભુત રસીલુ માસીક પત્ર)

પ્રત્યેક મહીનાની ૧૬ મી તા૦ ધર્મનુ નગારૂ વાગતું સનાતન ધરમીઓના ચીતને હરખાવતુ અધર્મિઓને ધર્મોપદેશ કોડા નમાવતું અલસીયોને ઉદ્યોગી બનાવતું, નીર્ધનોને ધન ઉપાર્જનનો ઢંગ બતાવતું, ધનવાનોને સંચિત ધનની રક્ષા વૃદ્ધીની રીત બતાવતુ અને નવ સીક્ષકોને સનાતન સીક્ષાનું મહત્વ દરશાવતું સત્ય સનાતન વેદ ધર્મની વૃદ્ધ જુકતા, સ્ત્રી જાતીને પુરાતન સ્ત્રીઓના સચ્ચીત્ર જીવન ચરીત્રામૃત પાન કરાવતુ વીદુષી પતીવ્રતા (સતી) બનાવતુ બાળકોને પુર્વ

બાલકોની કહેનીયો સંભળાવી માતા પીતાનો ભક્ત બનાવતુ અનાથ મુર્ખ આર્ય સનાતનીયોને અન્યધર્મિઓની જાળથી બચવાના ઉપાયો બતાવતું નીર્દયોને દયાતી તરફ લગાવતુ ગૌ બ્રાહ્મણ સંત જનોના દ્વેષીયોથી એમના ચરણ પુજાવતુ સનાતન ધર્મ પર અન્યધર્મયો ? આક્ષેપોના સત્રીનય ઉતર પોહોચાવા સર્વ મતોનો પરસ્પર . મટાવતું સર્વ ભાષાઓની માતા સંસ્કૃત અને નાગરી ભાષાના ગુણોને દરસાવી એના પ્રેમીજનોતા મનને હુલાસતુ અને સાહીત્ય વાટીકામાં પીયુષ (અમૃત) ની બુંદો વરસાવતું તથા પુરાતન પુરૂષોના ઉતમોતમ ઉપદેશો લેખો અને ઉપન્યાસોની ભરભાર અને નાટકોની બહાર દેખાડું તથા પ્રાચીન અને અર્વાચીન રૂષીમુનીયો રાજા મહારાજાઓ ભગતો દેશહીતેષીયો અને રાણીમાહારાણીયો અગર બ્રહ્મવાદીનો સઘોબધુ વિદુષીયોના સચીત્ર જીવન ચરીત્રોના અમૃતનુ પાન કરાવતુ ચાર ફારમ રોયલ ઉત્તમ કાગળો પર મુંબઇનું અતિ ઉત્તમ ટાઇપમાં છાપેલા પુસ્તકનું કલવર ધારણ કરી પ્રેમી જનોની સેવામાં જાય છે કુટુંબ કબીલામાં પુરસ્તને વખત એ આનંદનો હેતુ થયો છે કેટલાં વરસોમાં આ પત્ર એટલું તો લોક પ્રીય થઇ ગયું છે કે મહીનો પુરો થતાં ગ્રાહક અને મહાસયો ચોકરની માફક વાટ જોયા કરે છે એકવાર મંગાવી ખાત્રી કરો રૂચી લાયક હોયતો રાખો નહીતો પાછું મોકલો સર્વ સાધારણોને વાસ્તે ટપાલ ખર્ચ સહીત રૂા. ૧॥ ફકત રાખ્યો છે અને એક પ્રતનુ મુલ બે આના છે. મલવાનુ ઠેકાણું

કાસીનીવાસી ગો. સેવક.

પંડીત જગતનારાયણ શર્મા.

શ્રી જીવદયા ધર્મામૃત કાર્યાલય, ગીરગામ પો. નં. ૪

ગૌ સેવક પ્રેસનાં પુસ્તકાનુ સુચી પત્ર.

૩	પ્લેગ શું છે	કીમત. ૦—૮—૦
૪	ગૌની અરજી	૦—૧—૦
૫	ગૌદાન વ્યવસ્થા	૦—૦—૬
૬	ગૌપોકાર ચાલીશા	૦—૦—૬
૭	ગૌ ફાડારા	૦—૦—૬
૮	ગૌ વીલાપ	૦—૦—૬
૯	ગૌવીન્તી	૦—૦—૬
૧૦	ગૌહીતકારી ભજન	૦—૦—૬
૧૧	ઇસુ પરીક્ષા	૦—૧—૦
૧૨	ઇસાઇમતપરીક્ષા	૦—૧—૦
૧૩	ષોસુરહસ્ય.	૦—૦—૬
૧૪	હીંદોઓનો વૃતમાનધર્મ	૦—૧—૦
૧૫	ગૌમાતાની પ્રાર્થના બારખડી	૦—૦—૬
૧૬	કાઉપોટેકસન	૦—૦—૬
૧૭	ગાયનો પ્રતાપ	૦—૦—૬
૧૮	ચાંડાલ અને રાજકન્યા	૦—૧—૦
૧૯	કસાઇની મૃત્યુ દશા	૦—૧—૦
૨૦	અમીર કાબુલ અને ગાય	૦—૦—૬

એના શીવાય બીજાં અનેક પ્રકારનાં પુસ્તકો હમારા પ્રેસમાં મલશે.

મેનેજર.

ગૌ સેવક પ્રેસ પોષ્ટ નં. ૪ ગીરગામ

મુંબઇ.